સંક્ષિપ્ત સમાચાર

સુરત મર્કન્ટાઈલ બેંકના સ્થાપના દિવસે બ્લડ ડોનેશન કેમ્પ, નિ:શુલ્ક ચશ્મા વિતરણ, હેલ્થ ચેક-અપ કેમ્પ થયો

સુરતઃ સુરત મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેંક લિ.ના સ્થાપના દિવસ નિમિત્તે બેંક દ્વારા ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ, નિ:શુલ્ક ચશ્મા વિતરણ કાર્યક્રમ તથા હેલ્થ ચેક-અપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રેકોર્ડબ્રેક 304 બોટલ રક્તદાન એકત્રિત કરવામાં આવ્યું હતું. 102થી વધુ જરૂરિયાતમંદ લાભાર્થીઓએ નિ:શુલ્ક ચશ્મા વિતરણનો લાભ લીધો હતો, જ્યારે 350 થી વધુ લોકોએ નિ:શુલ્ક આરોગ્ય નિદાન, તબીબી માર્ગદર્શન અને હેલ્થ ચેક-અપનો લાભ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પો.કમિ. અનુપમસિંહ ગેહલોત ઉપસ્થિત રહ્યાં હતાં. બેંકના ચેરમેન કૌશિક શાંતિલાલ દલાલએ તમામ રક્તદાતાઓ, ડોક્ટરો, મેડિકલ ટીમ, સ્વયંસેવકો, સ્ટાફ સભ્યો, આયોજકો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે CEO રાકેશભાઈ દેસાઈ તથા તમામ સંકલનકારોની વિશેષ પ્રશંસા કરી હતી.

સુરતની વિદ્યાર્થિની તન્વી માહલાને Ph.D. ઉપાધિ પ્રાપ્ત

સુરતઃ સુરત સ્થિત સર પી.ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના રસાયણ વિભાગની વિદ્યાર્થિની માહલા તન્વી મોહનભાઈએ રસાયણશાસ્ત્ર વિષયમાં ડોક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.) ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેમણે આ ઉપાધિ વીએનએસજીયુમાંથી પ્રાપ્ત કરી છે. તેમણે ડો. મહેન્દ્રસિંહ બી. મહિડાના માર્ગદર્શન હેઠળ "ઇલેક્ટ્રોકેમિકલ, થર્મોડાયનેમિક અને સર્ફેસ કેરેક્ટરાઇઝેશન સ્ટડીઝ ઓન ધ કરોશન ઇનહિબિશન ઓફ બ્રાસ ઇન નાઇટ્રિક એસિડ બાય ગ્રીન એન્ડ ડ્રગ બેઝ્ડ ઓર્ગેનિક ઇનહિબિટર્સ" વિષય પર સફળતાપૂર્વક સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું.

ભટાર-ઘોડદોડ રોડ ડોક્ટર્સ એસોસિએશનની નવી કાર્યકારી કમિટીની રચના

સુરતઃ ભટાર-ઘોડદોડ રોડ ડોક્ટર્સ ક્લબ (બીજીડીસી) એસોસિએશન દ્વારા વર્ષ 2026-27 માટે નવી કાર્યકારી સમિતિની જાહેરાત કરવામાં આવી છે. તેમાં પ્રખ્યાત ન્યુરો અને સ્પાઇન સર્જન ડો. ધવલ પટેલને અધ્યક્ષ અને ડો. સૂચય પરીખ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એસોસિએશનમાં હાલમાં લગભગ 1300 સભ્યો જોડાયેલા છે અને દર વર્ષે નવા સભ્યો ઉમેરાઈ રહ્યા છે.

મો.વ.બુનકી જીવનભારતી બાળ ભવનમાં બાળ પદવીદાન સમારોહ યોજાયો

સુરતઃ જીવન ભારતી મંડળ સંચાલિત મો.વ.બુનકી જીવનભારતી બાળ ભવનમાં તાઃ- ૧૦/૦૪/૨૦૨૬ ને શુક્રવારના રોજ બાળ પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ અને કેળવણી દર્શક એવા પરિમલભાઈ દેસાઈ અને કલાકાર અને પ્રધ્યાપિકા એવા ત્વિશાબેન શુક્લ પધાર્યા હતા. આ સમારંભમાં જીવનભારતી શાળાના મંત્રી અજીતભાઈ શાહ, હરેશભાઈ જરીવાળા તથા અન્ય ભવનનાં આચાર્યા, નિરીક્ષક ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં વિવિધ કૃતિઓ રજૂ કરાઈ હતી અને સિનિયર કેજીના વિદ્યાર્થીઓને સર્ટિ અને મેડલ અપાયા હા. જ્યારે 100 ટકા હાજરી ધરનાવર બાળકો, મોબાઈલની કૂટેવ છોડનાર બાળકો અને જેના માતાપિતા આ સંસ્થામાં ભણી ગયા તેવા વાલીઓને સન્માનિત કરાયા હતા. અંતમાં બાળભવનના શિક્ષિકા દીપાબેન ગિલીટવાળાએ સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો. કાર્યક્રમ બાળ ભવનના આચાર્યા રચનાબેન ચોખાવાળાના માર્ગદર્શન હેઠળ પાર પડાયો હતો.

યુગો સુધી આ. ભુવનસૂરિજી મહારાજનું નામ અમર રહેશે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ મલાડ (વેસ્ટ)ના જગવલ્લભ પાર્શ્વનાથ મોટા દેરાસરના શ્રી શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજાનાં શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન નિશ્રામાં વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરિજી મહારાજાની 33મી પુણ્યતિથિ નિમિત્તે વિરાટ ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં ગુરુભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે ગુરુગુણોત્કીર્તન દ્વારા જણાવ્યું હતું કે, યુગો સુધી જેમનું નામ પ્રભુના શાસનમાં અમર રહેશે એવા આ. ભુવનભાનુસૂરિજી મહારાજાનું જીવન સર્વતોમુખી હતું. સેંકડો શ્રમણોને શાસનના સુભટ બનાવવાનું કામ પૂજ્યશ્રીએ કર્યું હતું.

સુરત બરોડિયા સમાજ દ્વારા ડૉ. આંબેડકર જન્મજયંતીની ઉજવણી

સુરતઃ સુરત બરોડિયા સમાજ દ્વારા સુરતના વેડ રોડ સ્થિત બરોડિયા સમાજની વાડી ખાતે. ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સુરત બરોડિયા સમાજના પ્રમુખ ધનસુખભાઈએ જણાવ્યું હતું કે, આજે આપણે એવા મહાપુરૂષની જન્મ જયંતી ઉજવી રહ્યા છીએ જેમણે માત્ર એક સમાજ માટે નહીં, પણ સમગ્ર માનવજાત અને રાષ્ટ્ર માટે સમાનતાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે.ઉપસ્થિત સૌએ ડો.બાબા સાહેબની ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી, ત્યારે સમગ્ર વાતાવરણ 'જય ભીમ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમમાં બાબાસાહેબના જીવન સંઘર્ષ અને તેમના સામાજિક યોગદાન વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે સમાજ અગ્રણીઓ દિનેશભાઈ, ભરતભાઈ, રમેશભાઈ, વિનોદભાઈ સહિતના મહાનુભાવો, બરોડિયા સમાજના આંબેડકર પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રૂતા ધામેલીયા પીએચ.ડી. થયાં

સુરતઃ શ્રીમતી ધામેલિયા રૂતાબેન ભગવાનભાઈએ 'FINANCIAL PERFORMANCE ANALYSIS OF THE CO-OPERATIVE DAIRY INDUSTRY -WITH SPECIAL REFERENCE TO GUJARAT' વિષય પર લખેલા મહાશોધ નિબંધને પગલે તેમને VNSGU દ્વારા પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. આ સંશોધન કાર્ય તેમણે જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના એકાઉન્ટન્સી વિભાગના પ્રોફેસર ડો. મયંક વી. સોઢાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યું હતું.

ભાવની વિસંગતતા: સુરતમાં સહકારી પેટ્રોલ પંપો બંધ થવાની કગાર પર

સહકારી પેટ્રોલ પંપને કન્ઝ્યુમર શ્રેણીમાં મૂકવામાં આવતાં ભાવો વધી ગયા, રજૂઆતો કરાશે: જયેશ દેલાડ

સુરતઃ ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશનની વિવાદાસ્પદ વેપાર નીતિના કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સહકારી મંડળીઓ અને સુગર ફેક્ટરીઓ દ્વારા સંચાલિત આશરે 40 પેટ્રોલ પંપો બંધ થવાની કગાર પર પહોંચી ગયા છે. ભાવમાં ઊભી થયેલી અસમાનતાને કારણે ખેડૂતો અને સામાન્ય ગ્રાહકો સહકારી પંપોથી દૂર થઈ રહ્યા છે, જેનાથી આ પંપો માટે ટકાવારી જાળવવી મુશ્કેલ બની રહી છે. IOC દ્વારા સહકારી પેટ્રોલ પંપોને "કન્ઝ્યુમર શ્રેણી"માં મુકાતા પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. પરિણામે સહકારી પંપો પર પેટ્રોલ પ્રતિ લિટર રૂ. 8.98 થી 10.91 જેટલું મોંઘું મળી રહ્યું છે, જ્યારે ડીઝલમાં તો રૂ. 23.94 થી 25.40 સુધીનો ભારે તફાવત જોવા મળી રહ્યો છે. બીજી તરફ ખાનગી કંપનીઓના પેટ્રોલ પંપો પર આ જ ઈંધણ સસ્તું મળતું હોવાથી ગ્રાહકો ત્યાં વળી રહ્યા છે.

સુરત જિલ્લાના સહકારી આગેવાન અને ખેડૂત અગ્રણી જયેશ એન.પટેલ (દેલાડ) એ જણાવ્યું હતુંકે, વિચિત્ર રીતે એક જ સહકારી મંડળીના અલગ-અલગ પંપોમાં પણ ભાવમાં તફાવત જોવા મળી રહ્યો છે. ઓલપાડ ખાતેના પંપ પર પેટ્રોલ માટે ગ્રાહકોને પ્રતિ લિટર આશરે રૂ. 3 વધુ ચૂકવવા પડે છે, જ્યારે જહાંગીરપુરા ખાતે તે જ પંપ કરતાં રૂ. 4.93 ઓછું મળે છે. ડીઝલમાં પણ આવો જ તફાવત જોવા મળે છે, જે ગ્રાહકો માટે ગૂંચવણ ઉભી કરે છે. એસટી નિગમ પણ ખાનગી પંપો તરફ વળ્યું છે. ઉંચા ભાવના કારણે માત્ર સામાન્ય ગ્રાહકો જ નહીં પરંતુ ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ નિગમ (એસટી) પણ હવે પોતાના પંપોથી ડીઝલ ભરાવવાને બદલે ખાનગી પેટ્રોલ પંપોથી ખરીદી કરી રહ્યું છે. આ મુદ્દે વડાપ્રધાન, કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી, કેન્દ્રીય સહકાર મંત્રી, તેમજ ગુજરાતના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

સુરતીઓને આ વર્ષે 'મીઠ્ઠી' કેરીનો ભાવ 'તીખો' લાગશે

પાકમાં ભારે ઘટાડા વચ્ચે ભાવોમાં 15-20% વધારો, બજારમાં આવક ઘટતા ગ્રાહકો પર ભાર

સુરતઃ આ વર્ષે સુરતીઓ માટે કેરીની મજા મોંઘી સાબિત થવાની છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદ, માવઠા અને વાતાવરણમાં આવેલા અચાનક ફેરફારોને કારણે કેસર અને હાફૂસ કેરીના પાકમાં 50% થી 80% સુધીનો ભારે ઘટાડો નોંધાયો છે. જેના કારણે ભાવોમાં 15થી 20 ટકાનો પણ વધારો થયો છે.

ખાસ કરીને ગીર પંથકમાં કેસર કેરીના પાકને મોટું નુકસાન થયું છે, જ્યારે મહારાષ્ટ્રના રત્નાગિરિ વિસ્તારમાંથી આવતી હાફૂસ કેરીનું ઉત્પાદન પણ નોંધપાત્ર રીતે ઘટી ગયું છે. સુરતના બજારોમાં આ વર્ષે કેરીની આવક ગત વર્ષ કરતાં ઘણી ઓછી જોવા મળી રહી છે. ખાસ કરીને સિઝનની શરૂઆતમાં જ સપ્લાય ઓછો હોવાથી ભાવમાં વધારો નોંધાયો છે.

આ સમયગાળા દરમિયાન આ વર્ષે પણ અથાણાની સીઝન શરૂ થતાં માંગમાં વધારો થયો છે, પરંતુ સપ્લાય ઓછી હોવાથી ભાવ વધુ ચઢ્યા છે. વેપારીઓનું કહેવું છે કે આગામી અઠવાડિયામાં જો આવકમાં વધારો નહીં થાય તો ભાવ હજુ વધી શકે છે.

હાફૂસનો હોલસેલ ભાવ મણ દીઠ 5થી 7 હજાર

સરદાર માર્કેટના હોલસેલ વેપારીઓના જણાવ્યા મુજબ, હાફૂસ કેરીનો ભાવ મણ દીઠ 5,000 થી 7,000 રૂપિયા સુધી પહોંચ્યો છે, જ્યારે કેસર કેરીના ભાવ 3,000 થી 5,000 રૂપિયા સુધી રહ્યા છે. કેરીના વેપાર સાથે સંકળાયેલાં વેપારીઓ જણાવે છે કે, આ પરિસ્થિતિ માત્ર હોલસેલ બજારોમાં જ નહીં પરંતુ ખુલ્લા (રિટેઈલ) બજારમાં પણ છે કેરીના ભાવ ઊંચા રહ્યા છે. હાલમાં સારી ગુણવત્તાની એટલે કે પ્રિમિયમ કેરીના ભાવ પ્રતિ કિલોના ભાવ 600 થી 700 રૂપિયા સુધી પહોંચી ગયા છે. સામાન્ય ગ્રાહકો માટે આ ભાવ ભારે લાગતા હોવાથી ખરીદીમાં પણ થોડી કમી જોવા મળી રહી છે. વિશેષજ્ઞોના મત મુજબ, આ વર્ષે કેરીના ઉત્પાદન પર વાતાવરણની અસર વધુ રહી હોવાથી સમગ્ર સિઝન દરમિયાન ભાવ ઊંચા જ રહેવાની શક્યતા છે. તેથી સુરતીઓએ આ વર્ષે કેરીની મજા માણવા માટે ખિસ્સા પર વધુ ભાર સહન કરવો પડશે.

પોલિસીના નામે ઠગાઈ, ગેંગ ગોવાથી ઝડપાઈ

જૂની પોલિસીનાં નાણાં પરત અપાવવાના બહાને ફરિયાદી પાસેથી ૧૧.૦૩ લાખ પડાવ્યા હતા

સુરત : વીમા કંપનીના નામે ખોટી ઓળખ આપી અને જૂની પોલિસીના નાણાં પરત અપાવવાના બહાને લાખો રૂપિયાની ઠગાઈ આચરતી આંતરરાજ્ય ટોળકીને સુરત સાયબર ક્રાઈમ સેલે ગોવા ખાતેથી ઝડપી પાડી છે. આરોપીઓએ ફરિયાદી પાસેથી અલગ-અલગ ચાર્જ પેટે કુલ રૂપિયા ૧૧,૦૩,૪૯૫ પડાવ્યા હતા.

ફરિયાદીએ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન લીધેલી ૮ પોલિસીઓ પૈકી ૫ પોલિસીના નાણાં લેવાના બાકી છે. આ રકમ પરત મેળવવા માટે વિવિધ ચાર્જ ભરવા પડશે તેમ કહી ફરિયાદી પાસે ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી. સાયબર પોલીસે મુઝાહિદ મુસ્તુફા કમલ ((ઉંમરઃ ૩૦ વર્ષ, રહે., લક્ષ્મીવિષ્ણુ પ્લાઝા, મહારાષ્ટ્ર), ધરમરાજ પ્રભુનાથ પાસવાન (ઉં.વ.૨૯ વર્ષ, રહે.બ્લ્યુ બિલ્ડીંગ, ગોવા) અને શહાદત મોહદ શમીમ અંસારી (ઉ.વ. ૨૩, રહે. બ્લોક-આઈ, કાદરી મસ્જિદ, બિહાર)ને પકડી પાડ્યા છે.

દિલ્હીથી ઓપરેટ થતું ડિજિટલ નેટવર્ક

ત્રીજો આરોપી શહાદત અંસારી દિલ્હીમાં રેપિડો ડ્રાઇવર તરીકે કામ કરે છે. તેનું કામ મુઝાહિદ પાસેથી બેંક એકાઉન્ટની વિગતો મેળવી તેમાં પોલીસ ફ્રોડના નાણાં ટ્રાન્સફર કરાવવાનું હતું. તે નાણાં ઉપડી જાય એટલે CDM (કેશ ડિપોઝિટ મશીન) મારફતે તે રકમ અન્ય નાસતા ફરતા મુખ્ય આરોપીઓ સુધી પહોંચાડતો હતો.

વિશ્વાસ જીતીને 'ચાર્જ'ના નામે પૈસા પડાવતા

આરોપીઓ સૌપ્રથમ ડેટા મેળવી એવા લોકોને ટાર્ગેટ કરતા હતા. જેમણે ભૂતકાળમાં પોલિસીઓ લીધી હોય. તેઓ ફરીયાદીને ફોન કરી જણાવતા કે, તમારી જૂની 8 પોલિસીઓમાંથી 5 પોલિસીના નાણાં હજુ લેવાના બાકી છે. ફરીયાદીને વિશ્વાસમાં લેવા માટે તેઓ પોલિસી એજન્ટોના નામનો પણ ઉપયોગ કરતા.

કમિશન એજન્ટથી લઈને બેંક એકાઉન્ટ હેન્ડલર સુધીની સફર

પકડાયેલા પ્રથમ આરોપી મુઝાહિદ આ ગુનામાં મહત્વની કડી હતો. તેણે ફરીયાદીના અંદાજે રૂપિયા 3,26,988 પોતાના દ્વારા હેન્ડલ કરાતા એકાઉન્ટમાં મેળવ્યા હતા. મુઝાહિદ અન્ય સાક્ષીઓ પાસે ATM દ્વારા નાણાં ઉપડાવતો હતો. આ કામ માટે તે 15,000 થી 20,000 રૂપિયાનું કમિશન રાખતો અને બાકીના નાણાં અન્ય આરોપીઓને મોકલી આપતો હતો. તે કુરિયરના વ્યવસાયની આડમાં આ કાળું કામ કરતો હતો.

ગોવામાં રહીને નાણાં સગેવગે કરવાનું કેન્દ્ર

બીજો આરોપી ધરમરાજ પાસવાન ગોવામાં કુરિયર ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો. તેણે પોતાની બેંક ઓફ બરોડા, SBI અને Indian Bank ના ખાતાઓનો ઉપયોગ ફ્રોડના નાણાં મેળવવા માટે કર્યો હતો. તેણે ફરીયાદીના નાણાં પૈકી રૂપિયા 25,000 પોતાના ખાતામાં મેળવી, ATM થી વિડ્રો કરી મુઝાહિદને પહોંચાડ્યા હતા. આ સમગ્ર નેટવર્ક એટલું જટિલ હતું કે નાણાં ક્યાંથી ક્યાં ગયા તે ટ્રેક કરવું પોલીસ માટે પડકારજનક હતું. આ કામ બદલ તે 5,000 થી 10,000 રૂપિયા કમિશન લેતો હતો.

વોર્ડ નં.6ની સોસાયટીમાં ચૂંટણી બહિષ્કારનાં બેનર્સ

કતારગામની દાનગી ગેવ સોસાયટીના રહીશોમાં 35 વર્ષથી ટેક્સ ભરવા છતાં પૂરતી સુવિધા નહીં હોવાનો રોષ

સુરતઃ કતારગામ વિસ્તારમાં ચીકુવાડી રોડ પર આવેલી દાનગી ગેવ સોસાયટીના રહીશોમાં તંત્ર અને રાજકીય નેતાઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ સોસાયટીનો પ્લાન વર્ષ 1989 માં મંજૂર થયો હતો અને 1993 માં સરકારે સોસાયટીના રસ્તા તથા કોમન પ્લોટ માટે 940 મીટર જમીન ફાજલ કરી હતી. આમ છતાં, આટલા વર્ષો વીતી જવા છતાં સોસાયટીમાં રોડ અને ગટર જેવી પાયાની જરૂરિયાતો હજુ સુધી સંતોષાઈ નથી. આ અન્યાય સામે લડવા અને પોતાનો વિરોધ નોંધાવવા માટે સોસાયટીના રહીશોએ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. રહીશોએ પ્રચાર માટે આવતા રાજકીય પક્ષોના નેતાઓને અટકાવવા માટે સોસાયટીના પ્રવેશદ્વાર બેનર લગાવી વિરોધ નોંધાવ્યો છે. જેમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, ''વોટ નહીં... વોટ નહીં... વોટ નહીં... સોસાયટી જે 35 વર્ષથી સુરત પાલિકામાં વેરો ભરે છે, આઈ.સીના નાણાંની પણ ભરપાઈ કરેલી છે, છતાં પણ વર્ષોથી પ્રાથમિક સુવિધાથી વંચિત છે, વોર્ડમાંથી મેયર હોવા છતાં સમસ્યાઓથી વંચિત છે, જે વારંવાર દરેક નેતા ને ફરિયાદ કરી હોવા છતાં 35 વર્ષમાં ખોબે ખોબે મત મળવા છતાં સોસાયટીની અવગણના થઈ છે, તેથી કોઈપણ પાર્ટીએ વોટની ભીખ માંગવા આ સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં.''

સસ્તી એર ટિકિટના બહાને લાખોની ઠગાઈ, બેંગ્લોરથી ડોક્ટર ઝડપાયો

એડિટિંગ કરી નકલી ટિકિટો પધરાવી દેતો, ૭.૬૭ લાખની છેતરપિંડી

સુરતઃ શહેરના એક ટ્રાવેલ એજન્ટ અને તેના ગ્રાહકોને સસ્તી એર ટિકિટની લાલચ આપી રૂ.૭.૬૭ લાખથી વધુની રકમ પડાવનાર ટોળકીના માસ્ટરમાઈન્ડની બેંગ્લોરથી ધરપકડ કરવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે પકડાયેલ આરોપી હુમાયું કબીર વ્યવસાયે BAMS ડોક્ટર હોવા છતાં ટૂંકા રસ્તે નાણાં કમાવવાની લાલચે સાયબર ફ્રોડના રવાડે ચઢ્યો હતો. શહેરના એક ફરિયાદીએ પોતાના ૧૫ જેટલા ગ્રાહકો માટે કુલ ૪૫ એર ટિકિટ બુક કરાવવા માટે આ ગેંગનો સંપર્ક સાધ્યો હતો.

માર્કેટ રેટ કરતાં ખૂબ જ સસ્તા દરે ટિકિટ અપાવવાની લાલચમાં આવી આરોપીઓએ જણાવેલા વિવિધ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૮,૧૭,૫૫૦ જમા કરાવ્યા હતા. પૈસા મેળવી લીધા બાદ આરોપી ડોક્ટર અને તેની ગેંગે કુટલેખન (Forgery) નો સહારો લીધો હતો. તેઓએ એડિટિંગ સોફ્ટવેરની મદદથી આબેહૂબ અસલી દેખાતી ૪૫ નકલી ઈલેક્ટ્રોનિક એર ટિકિટો બનાવી ફરિયાદીને મોકલી આપી હતી. જોકે, તપાસ કરતાં આ ટિકિટો બોગસ હોવાનું બહાર આવતા ફરિયાદીએ નાણાં પરત માંગ્યા હતા, પરંતુ આરોપીઓએ માત્ર ૫૦ હજાર પરત કરી બાકીના રૂ. ૭,૬૭,૫૫૦ ઓળવી લીધા હતા અને સંપર્ક કાપી નાંખ્યો હતો. ફરિયદા મળતા સુરત સાયબર સેલે ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

બેંગ્લોરથી ઝડપાયો માસ્ટરમાઈન્ડ હુમાયુ કબીર

પોલીસની તપાસ બેંગ્લોર સુધી પહોંચી હતી, જ્યાંથી 29 વર્ષીય હુમાયું કબીર અબ્દુલ રજાકને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી મૂળ આસામનો વતની છે અને બેંગ્લોરના હુલીમાવું વિસ્તારમાં રહીને આ કૌભાંડ ચલાવતો હતો. નવાઈની વાત એ છે કે આરોપીએ BAMS સુધીનો અભ્યાસ કર્યો છે, પરંતુ મેડિકલ પ્રેક્ટિસ કરવાને બદલે ઓફિસ ખોલી આ કૌભાંડ આચરવાનું શરૂ કર્યું હતું.

દેશભરમાં 22 કરોડથી વધુનું સાયબર ફ્રોડ

આરોપી અને તેના સાથીદારોના કુલ 29 બેંક એકાઉન્ટ મળી આવ્યા છે. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ચેક કરતા માલુમ પડ્યું છે કે આ ગેંગ વિરુદ્ધ જુદા જુદા રાજ્યોમાં કુલ 23 જેટલી ફરિયાદો નોંધાયેલી છે. આ એકાઉન્ટ્સ દ્વારા અત્યાર સુધીમાં અંદાજે રૂ. 22,24,72,972 નું સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. સુરતના ગુનામાં વપરાયેલા ચોક્કસ એકાઉન્ટ્સ પણ અન્ય 8 ફરિયાદોમાં સંડોવાયેલા છે, જેમાં 7 કરોડથી વધુના વ્યવહારો થયા છે.

સોશિયલ મીડિયા અથવા ડાયરેક્ટ માર્કેટિંગ દ્વારા ટ્રાવેલ એજન્ટોનો સંપર્ક કરતા

તેઓ સોશિયલ મીડિયા અથવા ડાયરેક્ટ માર્કેટિંગ દ્વારા ટ્રાવેલ એજન્ટોનો સંપર્ક કરતા હતા. તેઓનો દાવો હતો કે તેઓ બલ્ક બુકિંગ અથવા ખાસ ક્વોટા હેઠળ સસ્તી ટિકિટ અપાવે છે. જ્યારે કોઈ પેમેન્ટ કરે ત્યારે ગ્રાફિક્સ એડિટિંગ સોફ્ટવેરની મદદથી પીએનઆર (PNR) અને પેસેન્જર ડિટેલ્સ સાથેની નકલી ટિકિટ તૈયાર કરી પીડીએફ ફોર્મેટમાં મોકલી આપતા. ગ્રાહક જ્યારે એરપોર્ટ પર પહોંચે અથવા એરલાઈન્સમાં ચેક કરે ત્યારે જ તેને ખબર પડતી કે તેની સાથે છેતરપિંડી થઈ છે.

ચેક રિટર્નનાં ૧૨ કેસમાં બાંધકામ કોન્ટ્રાક્ટરને દરેક કેસમાં એક-એક વર્ષની સજા

સુરતઃ બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા સિટીલાઈટ પારીજાત એપાર્ટમેન્ટનાં આરોપી કોન્ટ્રાક્ટ હિમાંશુ મહેન્દ્રભાઈ આચાર્યની સામે કોવિડ સમયે દાખલ થયેલી ચેક રિટર્નની ૧૨ અલગ અલગ ફરિયાદમાં ટ્રાયલ કોર્ટે દોષિત ઠેરવી દરેક કેસમાં એક એક વર્ષની સજા ફટકારી હતી. હિમાંશુ મહેન્દ્રભાઈ આચાર્યએ ખત્રી સમાજનાં ૧૨ ફરિયાદી પાસેથી વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ધંધા માટે રૂપિયા મેળવ્યા હતા. જે પેટે આરોપીએ તમામને ચેક આપ્યાં હતા. આ ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ નેહલ મેહતા મારફતે કોર્ટમાં અલગ અલગ ફરિયાદ નોંધાવી હતી. આ કેસોની સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

પત્નીના ત્રાસથી કંટાળી યુવાને ટ્રેન નીચે પડતું મૂક્યું

સ્યુસાઈડ નોટમાં ખૂલ્યું મોતનું રહસ્ય, સસરાએ પુત્રવધૂ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો

સુરતઃ કતારગામમાં રેલવે ટ્રેક પર ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરનાર યુવાનના મોતમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. મૃતક યુવાનના ખિસ્સામાંથી મળી આવેલી અંગ્રેજીમાં લખાયેલી સ્યુસાઈડ નોટે પત્નીના ત્રાસની પોલ ખોલી નાખી છે. પ્રેમલગ્ન કર્યાના ગણતરીના દિવસોમાં જ પત્નીના આક્ષેપો અને રોજબરોજના કજિયાથી કંટાળીને યુવાને અંતિમ પગલું ભર્યું હોવાનું ખુલ્યું હતું. મૂળ યુપીના પ્રતાપગઢના મોતીલાલ ગૌતમના પુત્ર નિખિલે મે ૨૦૨૪માં સુહાની સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન બાદ લિંબાયત વિસ્તારમાં સ્થાયી થયેલા આ યુગલ વચ્ચે ખટરાગ ઊભો થયો હતો. પત્ની સુહાની પતિ પર અન્ય યુવતી સાથે સંબંધ હોવાના આક્ષેપો કરી અવારનવાર ઝઘડા કરતી હતી. ૧લી ફેબ્રુઆરીએ થયેલા ઉગ્ર ઝઘડા બાદ નિખિલ રહસ્યમય રીતે ગુમ થયો હતો. ૩ ફેબ્રુઆરીએ કતારગામ રેલવે ટ્રેક પરથી તેની લાશ મળી હતી. પોલીસે મૃતકના પિતાની ફરિયાદને આધારે વહુ સામે આત્મહત્યાની દુષ્પ્રરણાનો ગુનો નોંધી કરી તપાસ હાથ ધરી છે.

ગભેણી પાટિયા પાસે BMW અકસ્માતમાં પતિનું પણ મોત

સુરતઃ ઉન વિસ્તારમાં આવેલી રાહત સોસાયટીમાં મસીહુદ્દીન અઝલુદીન શેખ (65 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો અને બિલ્ડીંગ મટીરીયલના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. નવસારી ખાતે રહેતી તેમની સાળીની તબિયત ખરાબ હતી. જેથી રવિવારે તે તેમની પત્ની શાહીરાબાનુ સાથે લક્ઝરી BMW કારમાં નવસારી ગયા હતા. બપોર બાદ તેઓ નવસારીથી સુરત પરત ફરી રહ્યા હતા, ત્યારે ગભેણી પાટિયા ગેટ નંબર-2 સામે રસ્તા પર મસીહુદ્દીને 100ની સ્પીડે ચાલતી BMW કારના સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જેથી તેમની કાર ગટરના ઢાંકણા સાથે અથડાઈ હતી. અકસ્માતમાં શાહીરાબાનુનું મોત નિપજ્યું હતું. તેમજ તેના પિતાને 108 એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન બુધવારે સાંજે મસીહુદ્દીનનું પણ મોત નિપજ્યું હતું.

Federal Bank

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંગરોળ, જીલ્લો - સુરત, તા. ૦૫.૦૩.૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૭૩/૨૦૨૬ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમિટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૩૦/૦૬/૨૦૨૫** ના રોજ ઉધારકર્તાઓ / સહ - અરજદારો / કાયદેસરના વારસદારો : **(૧). શ્રી લીંબાણી હરેશભાઈ S/o જીવરાજ લીંબાણી @ જીવરાજભાઈ લીંબાણી, (એ).** ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વ્હાઈટ પેલેસ, ઉત્રાણ પાવર હાઉસ, મોટા વરાછા, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૧, **(બી).** બી/૧૦, ૧૧, રૂપાલી સોસાયટી, પી પી સવાણી સ્કુલ, સુરત સીટી, સુરત, વરાછા રોડ, ગુજરાત - ૩૯૫૦૦૬, **(૨). શ્રીમતી લીંબાણી હેતલબેન હરેશભાઈ W/o લીબાણી હરેશભાઈ, (એ).** ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વ્હાઈટ પેલેસ, ઉત્રાણ પાવર હાઉસ, મોટા વરાછા, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૧, **(બી).** બી/૧૦, ૧૧, રૂપાલી સોસાયટી, પી પી સવાણી સ્કુલ, સુરત સીટી, સુરત, વરાછા રોડ, ગુજરાત - ૩૯૫૦૦૬, નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **કુંભારીયા શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

લોન એકાઉન્ટ	બાકી લ્હેણી રકમ
ફેડરલ હાઉસીંગ લોન (૨૦૬૩૭૩૦૦૦૦૦૭૬૨)	રૂા. ૬,૪૬,૪૨૬/- (રૂા. છ લાખ છેત્તાલીસ હજાર ચારસો છવ્વીસ પુરા) તા. ૨૨.૦૬.૨૦૨૫ ના સુધી
હોમ પ્લસ ટોપ અપ ઈક્વિટી લોન (૨૦૬૩૭૬૦૦૦૦૨૧૭૯)	રૂા. ૨,૪૦,૮૩૮/- (રૂા. બે લાખ ચાલીસ હજાર આઠસો આડત્રીસ પુરા) તા. ૨૨.૦૬.૨૦૨૫ ના સુધી
કુલ - રૂા. ૮,૮૭,૨૬૪/-	

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૨.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ / સહ - અરજદાર / કાયદેસરના વારસદારોનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમિટેડ** ની બાકી રકમ **રૂા. ૯,૩૬,૬૧૩/- (રૂા. નવ લાખ છત્રીસ હજાર છસ્સો તેર પુરા)** નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

લોન એકાઉન્ટ	તા. ૧૨.૦૪.૨૦૨૬ ના સુધી બાકી લ્હેણી રકમ
ફેડરલ હાઉસીંગ લોન (૨૦૬૩૭૩૦૦૦૦૦૭૬૨)	રૂા. ૬,૯૧,૫૦૩/- (રૂા. છ લાખ એકાણું હજાર પાંચસો ત્રણ પુરા)
હોમ પ્લસ ટોપ અપ ઈક્વિટી લોન (૨૦૬૩૭૬૦૦૦૦૨૧૭૯)	રૂા. ૨,૪૫,૧૧૦/- (રૂા. બે લાખ પિસ્તાલીસ હજાર એકસો દસ પુરા)
કુલ - રૂા. ૯,૩૬,૬૧૩/-	

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ફ્લેટ નં. એ/૩૦૨, ક્ષેત્રફળ ૧૨૦૦ સ્કે.મી., સ્તવન રેસીડેન્સી એપાર્ટમેન્ટ, તમામ સુવિધાઓ સાથે, આર.એસ. નં. ૬૪૯ અને ૬૫૦, ગામ - તરસાડી, તાલુકો - માંગરોળ, સુરત, રાજય - ગુજરાત - ૩૯૨૨૨૫. **ચતુઃસીમા :- પૂર્વે :** ખુલ્લો એરીયા, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** બિલ્ડીંગ નં. બી, **દક્ષિણે :** રોડ.

તારીખ : ૧૨.૦૪.૨૦૨૬, સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમિટેડ**

Federal Bank

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, કઠોર, જીલ્લો - સુરત, તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૨૬૨૬/૨૦૨૫ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમિટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૨૦.૦૯.૨૦૨૪**ના રોજ ઉધારકર્તાઓ **(૧). શ્રીમતી નયનાબેન અજયભાઈ પરમાર @ પરમાર નયનાબેન અજયકુમાર W/o અજયકુમાર પરમાર,** બંગ્લોઝ નં. ૧, નિરવ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટીની પાછળ, આઈસીઆઈસીઆઈ બેંક ની પાસે, સેવાશ્રમ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, **(૨). શ્રી અજયકુમાર પરમાર @ અજયકુમાર ધનસુખભાઈ પરમાર D/o ડી પી પરમાર @ ધનસુખભાઈ,** બંગ્લોઝ નં. ૧, નિરવ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટીની પાછળ, આઈસીઆઈસીઆઈ બેંક ની પાસે, સેવાશ્રમ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, ને નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **ભરૂચ શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

લોન એકાઉન્ટ અને નંબર	બાકી રકમ
FHS Loan (14707300001934)	રૂા. ૮,૪૮,૯૭૨/-, તા. ૦૮.૦૯.૨૦૨૪ સુધી
હોમ પ્લસ પ્રોપર્ટી પાવર લોન (14707600000354)	રૂા. ૩,૨૭,૧૮૮/-, તા. ૦૧.૦૯.૨૦૨૪ સુધી
કુલ	રૂા. ૧૧,૭૬,૧૬૦/-

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૨.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ / સહ - અરજદાર / કાયદેસરના વારસદારોનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમિટેડ** ની બાકી રકમ **રૂા. ૧૪,૬૦,૯૫૩/- (રૂા. ચૌદ લાખ સાઈઠ હજાર નવસો ત્રેપન પુરા)** નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

લોન એકાઉન્ટ અને નંબર	તા. ૧૨/૦૪/૨૦૨૬ થી બાકી રકમ
FHS Loan (14707300001934)	રૂા. ૧૦,૨૮,૩૪૬/-
હોમ પ્લસ પ્રોપર્ટી પાવર લોન (14707600000354)	રૂા. ૪,૩૨,૬૦૭/-
કુલ	રૂા. ૧૪,૬૦,૯૫૩/-

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફ્લેટ નં. ૨૦૫, સુપર બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૯૧૬.૪૫ સ્કે. ફીટ. એટલે કે ૮૫.૧૪ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૫૯૨.૬૬ સ્કે. ફીટ. એટલે કે ૫૫.૦૬ સ્કે.મી., બીજો માળ, બિલ્ડીંગ નં. સી-૧૫, અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીન, માનસરોવર રેસીડેન્સી ના નામનો અને જાણીતી બિલ્ડીંગનું કોમ્પ્લેક્ષ, બાંધકામ કરેલ જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૫૦/એ, આર.એસ. નં. ૯૮૩, મોજે ગામ - કઠોર, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** સોસાયટી રોડ, **પશ્ચિમે :** ડી-૨૩, **ઉત્તરે :** સીઓપી ની મિલકત, **દક્ષિણે :** સી-૧૬.

તારીખ : ૧૨.૦૪.૨૦૨૬ **સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમિટેડ**